| | | | | | |
|---|---|---|---|---|---|
| GJVD010018412026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૧ | ૨૯ |

**મે.વડોદરાના ૧૦માં એડીશનલ સેસન્સ જજ( શ્રી જી. જે. થોરીયા )**
**સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

**ક્રિમીનલ અપીલ નં.૨૮૫/૨૦૨૬**
**આંક – ૨૦**

**એપેલન્ટ :** **હિતેશ બલ્ક કેરિયરના પ્રોપરાઈટર,**
**લાલબહાદુર રઘુનંદન યાદવ,**
**ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વેપાર,**
**હાલ રહે. એ–૧૮, સત્યનારાયણ**
**સોસાયટી, રણોલી, વડોદરા.**

**વિ રૂ ધ્ધ..**

**રિસ્પોન્ડન્ટ :** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

==========================================

**અરજદાર તરફે વિધ્વાન વકિલશ્રી : સીતા એસ. પૂજારી**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી : એસ. કે. ત્રીવેદી**

==========================================

**બાબતઃ– જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬(સી) મુજબ અપીલ**

**:: J U D G M E N T ::**

(૧) હાલની અપીલ એપેલન્ટ દ્વારા વડોદરાના કલેકટરશ્રીએ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ અરજદારની મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે, તે હુકમથી

નારાજ થઇ અરજદારે હાલની અપીલ જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬(સી) મુજબ દાખલ કરેલ છે.

(૨) અરજદારની હાલની અપીલની વિગત ટૂંકમાં એવી છે કે, અરજદારે વડોદરાના કલેકટરશ્રીની કોર્ટમાં જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬ મુજબ સપ/એન્ફો/બી/વશી/૦૧/૨૦૨૬ ના કામે અરજદારની માલીકનો ટાટા મોટર્સ લી. કંપનીનો ટેન્કર આર્કટિક વ્હાઇટ કલરનો જેનો રજી. નં.GJ-06-BT-5971 તથા જે ટેન્કર TATA LTP 2818 BS VI મોડેલનો છે જેના ચેચીસ નં.MAT794001M1E11681 તથા એન્જીન નં.B5 6B6A180D02112D63866087 છે તે ટેન્કર જવાહરનગર પોલીસ સ્ટેશન એફ.આઇ.આર. નં.૧૧૧૯૬૦૦૯૨૫૦૨૭૧/ ૨૦૨૫ બી.એન.એસ. કલમ–૨૮૭, ૩૧૬(૪), ૩૧૭(૪), ૬૧(૨), ૧૧૨(૨) તથા જરૂરી ચીજવસ્તુઓની અધિનિયમન કલમ–૩,૭ અને ૮ મુજબના કામે મુદ્દામાલ તરીકે ઉપરોકત ટેન્કર અને તેમાં રહેલ બીપીસીએલ કંપનીનું ૧૫૦૦૦ લી. પેટ્રોલ અને ૫૦૦૦ લી. ડિઝલ કબજે કરેલ હોય તે સદર મુદ્દામાલ પરત મેળવવા અરજ દાખલ કરેલ જે સદર અરજ કલેકટરશ્રીની કોર્ટે નામંજુર કરતો હુકમ કરેલ છે, આથી સદર હુકમથી નારાજ થઈ અરજદારે જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬(સી) હેઠળ હાલની ક્રિમીનલ અપીલ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ કરેલ છે.

(૩) ઉપરોકત અપીલ, અપીલ રજીસ્ટરે લીધા બાદ સામાવાળાને નોટીસ ઇસ્યુ કરતા સામાવાળા સરકાર તરફે

એ.પી.પી.શ્રી એસ. કે. ત્રીવેદીએ રીપ્રેઝન્ટ કરેલ છે.

(૪) અરજદાર તરફે મૌખિક દલીલો સાંભળી તેઓની રજુઆત તેમના અપીલ મેમો મુજબની છે. જયારે સરકાર તરફે આંક–૧૩ થી તેમનો જવાબ રજુ રાખેલો છે અને આંક–૧૭ થી જીલ્લા પુરવઠા અધિકારીએ તેમનું સોગંદનામુ રજુ રાખેલુ છે. ત્યારબાદ ૧૯/૧ થી કલેકટરશ્રીનો કલમ–૬(એ) હેઠળનો તા.૨/૫/૨૦૨૬ નો હુકમ રજુ રાખેલો છે. એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, કલેકટરશ્રીએ જે હુકમ કરેલો છે તે યોગ્ય હોય તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી નથી.

(૫) બન્ને પક્ષોની દલીલો ધ્યાને લીધા બાદ હાલની ફોજદારી અપીલના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:– <u>મુ દ્દા ઓ :–</u>

૧. શું વડોદરાના કલેકટરશ્રીએ જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬ મુજબ સપ/એન્ફો/ બી/ વશી/૦૧/૨૦૨૬ ના કામે અરજદારની માલીકનો ટાટા મોટર્સ લી. કંપનીનો ટેન્કર આર્કટિક વ્હાઇટ કલરનો જેનો રજી. નં.GJ-06-BT-5971 તથા જે ટેન્કર TATA LTP 2818 BS VI મોડેલનો છે જેના ચેચીસ નં.MAT794001M1E11681 તથા એન્જીન નં.B5

6B6A180D02112D63866087 છે તે ટેન્કર જવાહરનગર પોલીસ સ્ટેશન એફ.આઇ.આર. નં. ૧૧૧૯૬૦૦૯૨૫૦૨૭૧/ ૨૦૨૫ બી.એન.એસ. કલમ-૨૮૭, ૩૧૬(૪), ૩૧૭(૪), ૬૧(૨), ૧૧૨(૨) તથા જરૂરી ચીજવસ્તુઓની અધિનિયમન કલમ-૩,૭ અને ૮ મુજબના કામે મુદ્દામાલ તરીકે ઉપરોકત ટેન્કર અને તેમાં રહેલ બીપીસીએલ કંપનીનું ૧૫૦૦૦ લી. પેટ્રોલ અને ૫૦૦૦ લી. ડિઝલ કબજે કરેલ હોય તે સદર મુદ્દામાલ પરત મેળવવા અરજ દાખલ કરેલ જે સદર અરજ કલેકટરશ્રીની કોર્ટે નામંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમ કરવામાં હસ્તક્ષેપને પાત્ર હોય તેવી કોઇ ગેરકાયદેસરતા કે અનિયમીતતા દાખવેલ છે ?

**૨.** શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**:- કા ર ણો :-**

(૭) ફરિયાદ પક્ષના કેસની હકિકત એવી છે કે, અરજદાર સદરહું ટાટા મોટર્સ લી કંપનીનું ટેન્કર આર્કટિક વ્હાઇટ કલરનો જેનો રજી. નં.GJ-06-BT-5971 ના માલીક છે અને અરજદાર સદરહું ટેન્કર ધંધાના અર્થે ઉપયોગ કરતા હતા. અરજદારે દિનેશકુમાર રામકલાશ યાદવને ડ્રાઇવર તરીકેની નોકરી દરમિયાન તા.૨૩/૧૦/૨૦૨૫ ના રોજ બી.પી.સી.એલ. ડેપો કરચીયા વડોદરા ખાતેથી ઓર્ડર મુજબ ૧૫ હજાર લીટર પેટ્રોલ તથા ૫ હજાર લીટર ડીઝલનો જથ્થો માલધારી રોડવેઝ સંચાલિત ટેન્કર રજી. નં.GJ-06-BT-5971 માં ભરાવી જે ટેન્કર શિવમ પેટ્રોલિયમ ઝાલોદ દાહોદ રોડ, દાહોદ ખાતે ખાલી કરવાનો હોય જેથી અરજદારે ડ્રાઇવર દિનેશને મોકલી આપેલ અને બનાવ બાબતે અરજદારને કોઇ જાતમાહીતી હતી નહી તેમજ બનાવના દિવસે માલધારી રોડવેઝ સંચાલિત તરીકે લક્ષ્મણભાઇ પણ બનાવના દિવસ દિવાળીના વેકેશનમાં ફરવા ગયા હતા. વધુમાં અરજદાર કોઇપણ પ્રકારના ગુનામાં સંડોવાયેલા નથી કે ફરીયાદમાં આરોપી પણ નથી કે બનાવ બાબતે અરજદારને કોઇપણ જાતની માહીતી નથી. ડ્રાઇવરના ગુનાના કારણે અરજદારની માલીકીની ટેન્કર તથા તેમાં ભરેલ પેટ્રોલ અને ડીઝલ હાલ જવાહરનગર પોલીસ સ્ટેશનના કબજામાં મુદ્દામાલ તરીકે પડેલ છે જે ટેન્કરનો અરજદાર રોજબરોજ ધંધાના અર્થે વાપર ઉપયોગ કરે છે.

સદરહું ટાટા મોટર્સ લી. કંપનીનું ટેન્કર આર્કટિક વ્હાઇટ કલર જેનો રજી.નં.GJ-06-BT-5971 છે. હાલમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેલ હોવાથી અરજદારને આર્થીક રીતે નુકશાન થઇ રહેલુ છે. સદર કેસનો આખરી નિકાલ આવતા ઘણો સમય જાય તેમ છે, તે દરમ્યાન સદર ટાટા મોટર્સ લી. કંપનીનું ટેન્કર વધુ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેની મશીનરી,

સ્પેર પાર્ટસને કાટ લાગી જશે. તેના ટાયર ટ્યુબ સડીને નાશ પામશે અને તે વાપર ઉપયોગ કરવાની સ્થિતિમાં રહેશે નહી, જેના કારણે અરજદારને આર્થિક રીતે ઘણુ મોટુ નુકશાન સહન કરવાનો વારો આવશે.

વધુમાં સદરહું ટેન્કરમાં બી.પી.સી.એલ. ડેપો કરચીયા વડોદરા ખાતેથી ઓર્ડર મુજબ ૧૫ હજાર લીટર પેટ્રોલ તથા ૫ હજાર લીટર ડીઝલનો જથ્થો સદરહું ટેન્કરમાં છે અને ઓર્ડર મુજબ અરજદારે શિવમ પેટ્રોલીયમ ઝાલોદ દાહોદ રોડ, દાહોદ ખાતે ખાલી કરવાનું હોઇ અને જો સદરહું ભરેલ ટેન્કર અરજદારને મુદ્ધામાલ તરીકે પરત આપવામાં ના આવે તો ફરીયાદમાં જણાવેલ પેટ્રોલ અને ડીઝલનું નુકશાન અરજદારના શીરે આવે તેમ છે અરજદારને નાણાકિય ઘણુ નુકશાન થાય તેમ છે, વધુમાં પેટ્રોલ અને ડીઝલ જે માનવ વપરાશ વસ્તુ છે જે હવાના સંપર્કમાં આવતા તાત્કાલિક બાષ્પીભવન થાય તેમ છે અને જો ટેન્કરના ઢાંકણા ભૂલથી ખૂલી જાય કે ટેન્કરમાં કયાક લીક થાય તો આગ લાગવાની સંભાવના પણ રહેલ છે જેના  કારણે માનવ ઇસમોને જાનહાનિ નુકશાન થાય તેમ છે.

વધુમાં સદરહુ ભરેલ ટેન્કર અરજદારને મુદ્ધામાલ તરીકે પરત કરવામાં આવશે તો અરજદાર તાત્કાલિક ધોરણે ટેન્કરમાં ભરેલ પેટ્રોલ અને ડીઝલ, શિવમ પેટ્રોલિયમ ઝાલોદ દાહોદ રોડ, દાહોદ ખાતે ખાલી કરાવીને નાણાકિય નુકશાન ના થાય તેને રોકી શકશે અને સદરહું ટેન્કરમાં ભરેલ પેટ્રોલ અને ડીઝલ માનવ જીવન પાસે સમયસર પહોંચી શકશે. વધુમાં અરજદારનું ટેન્કર જે ધંધાના અર્થે વાપર ઉપયોગ કરે છે તે ટેન્કર ફરીથી ધંધા માટે વાપર ઉપયોગ કરી શકશે.

વધુમાં ફરીયાદમાં પણ જણાવેલ છે કે, અરજદાર ટેન્કરના માલીકની જાણબહાર આરોપીઓએ ગુનાહિત કૃત્ય કરેલ છે.

અરજદારને બનાવ બાબતે કોઈપણ પ્રકારની જાતમાહીતી નથી. અરજદાર સિનિયર સીટીજન છે. વધુમાં અરજદારે નામદાર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા મુકામે મુદ્દામાલ અરજી દાખલ કરેલ પરંતુ નામદાર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબને સદરહું અરજી ચલાવવાનું હકુમત ના હોય અને સદરહુ અરજી ચલાવવા માટે નામદાર કલેકટર સાહેબશ્રીને પાવર હોય તેમ જણાવી સદરહું અરજી પરત ખેંચી લેવા જણાવતા અરજદારે કલેકટરશ્રી સમક્ષ મુદ્દામાલ ટેન્કર તથા પેટ્રોલ ડીઝલનો જથ્થો વચગાળાની કસ્ટડી તરીકે અપાવવા અરજી કરેલી જે અરજી કલેકટરશ્રીએ નામંજુર કરતા હાલની અપીલ દાખલ કરવામાં આવેલી છે.

(૮) ચાલુ અપીલ દરમ્યાન ભારત પેટ્રોલીયમ કો.લી.ને નોટીસ કાઢતા તેમણે આંક-૧૦ થી જાહેર કરેલ છે કે, આ પેટ્રોલ ડીઝલના જથ્થા સહિત આ ટેન્કરને છોડવામાં આવે તો તેઓને કોઇ વાંધો નથી. ત્યારબાદ આંક-૧૩ થી જીલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જવાબ રજુ કરેલો જેમાં તેમણે જણાવેલુ કે, મુદ્દામાલ મામલતદારશ્રીએ પુરવઠા અધિકારીને સુપ્રત કરેલ નથી અને પોલીસ દ્વારા રજુ થયેલ સાધનીક કાગળોમાં સીઝર હુકમ થયેલ નથી. જવાહરનગર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. તરફથી આંક-૧૬ થી સોગંદનામુ રજુ કરવામાં આવેલ કે મુદ્દામાલ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કબજે કરવામાં આવેલ હોય તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજ પુરવઠા અધિકારીશ્રી વડોદરાને તેઓના સ્તરેથી થતી ઘટતી કાર્યવાહી કરવાનો રીપોર્ટ કરવામાં આવેલો તે રીપોર્ટની નકલ તેમણે સોગંદનામા સાથે રજુ કરેલી. તેથી તે અંગે એ.પી.પી.શ્રીનું અને પુરવઠા અધિકારીનું ધ્યાન દોરવામાં આવતા તેઓએ વિશેષ સોગંદનામુ આંક-૧૭ થી વિશેષ સોગંદનામુ રજુ કરેલુ. ત્યારબાદ અરજદારના વિ.વકીલશ્રીએ પણ રજુઆત કરેલી કે, કલેકટરશ્રીએ આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ-

૬–બી ની પ્રક્રિયા હાથ ધરી કલમ–૬–એ અન્વયે હુકમ પસાર કરવો જોઇએ જે તેઓએ કરેલ નથી. જે બાબતે એ.પી.પી.શ્રી અને પુરવઠા અધિકારીશ્રીનું ધ્યાન દોરતા તેઓએ જણાવેલુ કે, આવતી મુદતે તેઓ યોગ્ય તે રીપોર્ટ રજુ કરશે. ત્યારબાદ તા.૪/૫/૨૦૨૬ ના રોજ કલેકટરશ્રીનો કલમ–૬–એ હેઠળનો હુકમ તા.૨/૫/૨૦૨૬ની તારીખનો રજુ રાખેલો છે અને આ હુકમથી કલેકટરશ્રીએ પેટ્રોલ ડીઝલનો જથ્થો રાજયસાત કરવાનું અને ભારત પેટ્રોલીયમ કો.લી., કોયલી, વડોદરાને સોંપવાનો હુકમ કરેલો.

(૯) હાલની અપીલ વિષયવસ્તુ ધ્યાને લેવામાં આવે તો હાલની અપીલ કલેકટરશ્રીના તા.૨૪/૨૭–૦૨–૨૦૨૬ ના હુકમને પડકારવામાં આવેલો છે. અરજદારને મુદ્દામાલ ટેન્કર સહિત પેટ્રોલ ડીઝલનો જથ્થો પરત સોંપવાની માંગણીને નામંજુર કરતો હુકમ થયેલો છે. તેથી સૌપ્રથમ એ વિચારવાનું રહે કે, અત્રેની અદાલતને આ વાદગ્રસ્ત હુકમ સામે અપીલ ચલાવવાની સત્તા છે કે કેમ? જે અંગે કલમ–૬–સી નીચે મુજબ છે.

**SEC. 6-C**

> 6C. Appeal.—(1) Any person aggrieved by an order of confiscation under section 6A may, within one month from the date of the communication to him of such order, appeal to any judicial authority appointed by the State Government concerned and the judicial authority shall, after giving an opportunity to the appellant to be heard, pass such order as it may think fit, confirming, modifying or annulling the order appealed against.
>
> (2) Where an order under section 6A is modified

or annulled by such judicial authority, or where in a prosecution instituted for the contravention of the order in respect of which an order of confiscation has been made under section 6A, the person concerned is acquitted, and in either case it is not possible for any reason to 3[return the essential commodity seized ], 4[such persons shall, except except as provided by sub-section (3) of section 6A, be paid] the price therefore 5[as if the essential commodity,] had been sold to the Government with reasonable interest calculated from the day of the seizure of 6[the essential commodity] 7[and such price shall be determined—

(i) in the case of food grains, edible oilseeds or edible oils, in accordance with the provisions of sub-section (3B) of section 3;

(ii) in the case of sugar, in accordance with the provisions of subsection (3C) of section 3 ;and

(iii) in the case of any other essential commodity, in accordance with the provisions of sub-section (3) of section 3. ]

**(૧૦)** ઉપરોકત જોગવાઇ જોવામાં આવે તો કલમ–૬એ હેઠળ જયારે કોન્ફીકેશનનો હુકમ કરવામાં આવેલો હોય ત્યારે રાજય સરકાર દ્વારા નિયુકત કરેલ જયુડીશીયલ ઓથોરીટી સમક્ષ અપીલ દાખલ કરી શકાય છે. સ્વીકૃત રીતે જ વાદગ્રસ્ત હુકમ કલમ–૬એ હેઠળ પસાર કરવામાં આવેલો નથી. કલમ–૬એ હેઠળ હુકમ પસાર

કરતા પહેલા કલેકટરશ્રીએ કલમ–૬બી મુજબની પ્રોસીઝર અપનાવવાની રહે છે. આમ, જયારે કલમ–૬એ હેઠળનો હુકમ ન હોય ત્યારે અત્રેની અદાલતને કલમ–૬સી હેઠળ અપીલ ચલાવવાની સત્તા પ્રાપ્ત થતી નથી. તેથી હાલની અપીલ ટકવાપાત્ર ન હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબનો કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આથી અરજદારની જરૂરી ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૬(સી) હેઠળની હાલની ફોજદારી અપીલ **(૨૮) ચાને નામંજુર** કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**૩.** આ હુકમની ચાદી સંબંધીતોને કરવી.

હુકમ આજરોજ તારીખ ૬ઠ્ઠી, માહે–મે, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૫/૨૦૨૬
વડોદરા.

**(ઘનશ્યામ જયંતભાઇ થોરીયા)**
**૧૦માં એડી. સેશન્સ જજ**
**વડોદરા**
**કોડ નં.જી.જે.૦૦૮૪૨**

એસ.જે.દેવળીયા

**૧૦મા અધિક સેશન્સ જજ**
**વડોદરા**